# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 10.06.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

***************************************************

1) ચાર હજાર 399 દિવસનું દિર્ઘકાલીન શાસન કરનાર દેશના પ્રથમ પ્રધાનમંત્રી બનતા નરેન્દ્ર મોદી.. વિશ્વના અનેક દેશોના વડાઓએ અભિનંદન પાઠવ્યાં

2) શ્રી મોદી દેશના સૌથી લાંબા સમય માટેના પ્રધાનમંત્રી બનતા દિલ્હીમાં NDAની બેઠક જ્યારે વતન વડનગરમાં સફળ શાસનની ઉજવણી

3) રાષ્ટ્રીય માનવ અધિકાર પંચે નવી દિલ્હીમાં ડિજિટલ ધરપકડ કૌભાંડો સામે માનવ અધિકારોના રક્ષણ માટે બેઠક યોજી

4) ઓમાનના દરિયાકાંઠે એક અમેરિકન અપાચે હેલિકોપ્ટરને તોડી પાડવાના જવાબમાં અમેરિકન સૈન્યએ ઈરાન પર હુમલા શરૂ કર્યા

5) પુરુષ ક્રિકેટમાં, શ્રીલંકામાં ત્રિકોણીય શ્રેણીની પહેલી મેચમાં ભારત A એ શ્રીલંકા A ને 8 રનથી હરાવ્યું.

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# PRIME MINISTER MODI - LONGEST TERM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ભારતના સૌથી લાંબા સમય સુધી ચૂંટાયેલા પ્રધાનમંત્રી બન્યા છે. શ્રી મોદીએ 26 મે 2014 ના રોજ શપથ લીધા હતા. તેમણે પંડિત જવાહરલાલ નેહરુના રેકોર્ડને તોડી નાખ્યો છે. શ્રી નહેરુએ 13 મે 1952 ના રોજ ચૂંટાયેલા પ્રધાનમંત્રી તરીકે શપથ લીધા હતા અને 27 મે 1964 સુધી સેવા આપી હતી. પંડિત નેહરુનો ચૂંટાયેલા પ્રધાનમંત્રી તરીકેનો કાર્યકાળ ચાર હજાર 398 દિવસનો હતો. જ્યારે 26 મે 2014 થી આજે 10 જૂન 2026 સુધી પ્રધાનમંત્રી મોદીનો સતત કાર્યકાળ હવે ચાર હજાર 399 દિવસનો થઈ ગયો છે .આ કાર્યકાળે તેમને ભારતના ઇતિહાસમાં સૌથી લાંબા સમય સુધી ચૂંટાયેલા પ્રધાનમંત્રી તરીકે સેવા આપનારા બનાવ્યા છે.

વિશ્વના નેતાઓએ ભારતના સૌથી લાંબા સમય સુધી ચૂંટાયેલા પ્રધાનમંત્રી બનવા બદલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને અભિનંદન આપ્યા છે. તેમણે પ્રધાનમંત્રીના પરિવર્તનશીલ શાસન, વિકાસશીલ દેશો માટેના તેમના પ્રયાસો અને સમાવેશી અને આર્થિક રીતે ગતિશીલ ભારત માટેના તેમના વિઝનની પ્રશંસા કરી છે.

શ્રીલંકાના રાષ્ટ્રપતિ અનુરા કુમારા દિસાનાયકે એક પત્રમાં જણાવ્યું હતું કે આ સિદ્ધિ વિશ્વના સૌથી મોટા લોકશાહીના લોકો દ્વારા તેમના નેતૃત્વમાં વારંવાર મૂકેલા વિશ્વાસનો પણ પુરાવો છે. પાપુઆ ન્યુ ગિનીના મંત્રી જેમ્સ મારાપે એક વિડિઓ સંદેશમાં પ્રધાનમંત્રી મોદીને રોલ મોડેલ અને નેતૃત્વનું ઉદાહરણ ગણાવ્યું છે. તેમણે બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત બનાવવાની ઇચ્છા વ્યક્ત કરી છે.

ત્રિનિદાદ અને ટોબેગોના પ્રધાનમંત્રી કમલા પ્રસાદ-બિસેસરે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી મોદીના નેતૃત્વ હેઠળ ભારત વૈશ્વિક બાબતોમાં એક મજબૂત અવાજ તરીકે ઉભરી આવ્યું છે. તેમણે શ્રી મોદીની નમ્ર શરૂઆતથી લઈ 1 કરોડ 40 લાખ લોકોના રાષ્ટ્રનું નેતૃત્વ કરવા સુધીની સફરની ચર્ચા કરી અને વિદેશ નીતિ, આર્થિક વિકાસ અને સામાજિક-આર્થિક ઉત્થાનમાં ભારતની નોંધપાત્ર સિદ્ધિઓ પર પ્રકાશ પાડ્યો હતો.

# NDA - MEETING

રાષ્ટ્રીય લોકશાહી જોડાણ (NDA) ની એક બેઠક આજે નવી દિલ્હીમાં યોજાશે. આ બેઠકમા સરકારના 12 વર્ષ પૂર્ણ થવાની અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ભારતના સૌથી લાંબા સમય સુધી સતત સેવા આપતા ચૂંટાયેલા પ્રધાનમંત્રી બન્યા છે તેની ઉજવણી કરવામાં આવશે.

શ્રી મોદી સહિત ભાજપના ટોચના નેતૃત્વ ઉપરાંત આ બેઠકમાં NDA શાસિત તમામ 22 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્યમંત્રીઓ અને નાયબ મુખ્યમંત્રીઓ ઉપરાંત ગઠબંધનના તમામ ઘટક નેતાઓ પણ હાજરી આપશે. આ બેઠકમાં વિવિધ રાષ્ટ્રીય વિકાસ કાર્યક્રમો, માળખાગત સુવિધાઓના કાર્યક્રમો અને 2047 સુધીમાં દેશને વિકસિત દેશમાં પરિવર્તિત કરવાના મોદી સરકારના વિઝનની સમીક્ષા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

# 12 YEARS - GUJARAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વતન ગુજરાતના વડનગરમાં આજે તેમના બાર વર્ષના સફળ શાસનની ઉજવણી માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિકસિત ભારતના વિઝનને સમર્થન આપવા માટે જનભાગીદારી પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. સાંભળીએ એક અહેવાલ.

## [V/C - APARNA KHUNT]

# NHRC - MEETING

રાષ્ટ્રીય માનવ અધિકાર પંચે (NHRC) નવી દિલ્હીમાં ડિજિટલ ધરપકડ કૌભાંડો સામે માનવ અધિકારોના રક્ષણ અંગે એક બેઠક યોજી હતી. આ બેઠકની અધ્યક્ષતા કરતા NHRC ના અધ્યક્ષ, ન્યાયાધીશ વી. રામાસુબ્રમણ્યમે સાયબર છેતરપિંડીના વધતા જોખમ અને નાગરિકોના અધિકારો અને સુરક્ષાને લઈને ચિંતા વ્યક્ત કરી હતી. શ્રી રામાસુબ્રમણ્યમે જણાવ્યું હતું કે છેલ્લા છ વર્ષમાં ભારતીયોએ સાયબર છેતરપિંડીને કારણે 52 હજાર 900 કરોડ રૂપિયાથી વધુ ગુમાવ્યા છે. જેમાંથી લગભગ આઠ ટકા નુકસાન ડિજિટલ છેતરપિંડીના કારણે થયું છે. તેમણે આવા ગુનાઓને રોકવા અને પીડિતો માટે નાણાં પરત મેળવવાની વ્યવસ્થામાં સુધારો કરવા માટે વ્યવહારુ પગલાં લેવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# JAISHANKAR – VISIT

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર આજથી બે દિવસની સત્તાવાર મુલાકાતે બલ્ગેરિયા અને ફિનલેન્ડ જશે. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે બલ્ગેરિયાની તેમની મુલાકાત દરમિયાન ડૉ. જયશંકર ટોચના બલ્ગેરિયન નેતાઓ અને વિદેશ મંત્રી સાથે  ચર્ચા કરશે.

બીજા તબક્કામાં ડૉ. જયશંકર ફિનલેન્ડમાં 14મા કુલતારંતા સંવાદમાં ભાગ લેશે. આ સંવાદનો વિષય 'બદલતુ વિશ્વ: વૈશ્વિક, પ્રાદેશિક અને સ્થાનિક દ્રષ્ટિકોણ' છે. ડૉ. જયશંકર ફિનવેન્ડના વિદેશ મંત્રી અને અન્ય નેતાઓને પણ મળશે.

# TRUMP-IRAN-HELICOPTER

ઓમાનના દરિયાકાંઠે એક અમેરિકન અપાચે હેલિકોપ્ટરને તોડી પાડવાના જવાબમાં અમેરિકન સૈન્યએ ઈરાન પર હુમલા શરૂ કર્યા છે.અમેરીકન અધિકારીઓએ જણાવ્યું હતું કે, હેલિકોપ્ટરને ઈરાની ડ્રોન દ્વારા તોડી પાડવામાં આવ્યું હતું અને આ હુમલામાં બે પાઈલટોને બચાવી લેવામાં આવ્યા હતા.. અમેરિકન હુમલા બાદ, હોર્મુંઝ સામુદ્રધુનીને અડીને આવેલા ઈરાની શહેરો સિરિક, મીનાબ, બંદર અબ્બાસ અને કેશમ આઇલેન્ડમાં વિસ્ફોટો સંભળાયા હતા. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે ઈરાન દ્વારા અમેરિકન હેલિકોપ્ટરને તોડી પાડવાનો અમેરિકાનો જવાબ "ખૂબ જ મજબૂત અને શક્તિશાળી" હતો.

ઈરાને પણ આ ક્ષેત્રમાં અમેરિકન બેઝ પર મિસાઇલો અને ડ્રોન છોડ્યા છે. ઈરાની વિદેશમંત્રી અબ્બાસ અરાઘચીએ જણાવ્યું હતું કે અમેરીકના દરેક હુમલાનો જવાબ આપવામાં આવશે.

# CRICKET - INDIA A VS SRI LANKA A

પુરુષ ક્રિકેટમાં, શ્રીલંકામાં ત્રિકોણીય શ્રેણીની પહેલી મેચમાં ભારત A એ શ્રીલંકા A ને 8 રનથી હરાવ્યું. પ્રથમ બેટિંગ કરતા ભારત A એ નિર્ધારિત 50 ઓવરમાં 6 વિકેટે 277 રન બનાવ્યા. રુતુરાજ ગાયકવાડે 101 અને કેપ્ટન તિલક વર્માએ 60 રન બનાવ્યા. જેના જવાબમાં, શ્રીલંકાની ટીમ સાત બોલ બાકી રહેતા 279 રનમાં ઓલઆઉટ થઈ ગઈ. ભારત તરફથી અરશદ ખાન, અનુકુલ રોય, આયુષ બદોની અને વિપ્રજ નિગમે 2-2 વિકેટ લીધી. રુતુરાજ ગાયકવાડને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો.

ભારત A આગામી મેચ આવતીકાલે અફઘાનિસ્તાન A સામે રમશે. બધી મેચ શ્રીલંકાના દામ્બુલામાં રમાશે. જ્યારે ફાઇનલ 21 જૂને રમાશે.

# KRISHNA - SIRAJ

ફાસ્ટ બોલર મોહમ્મદ સિરાજને આયર્લેન્ડ અને ઇંગ્લેન્ડ સામેની આગામી T20 આંતરરાષ્ટ્રીય શ્રેણી માટે આરામ આપવામાં આવ્યો છે. પસંદગી સમિતિએ બંને T20 આંતરરાષ્ટ્રીય શ્રેણી માટે સિરાજની જગ્યાએ કૃષ્ણાને ટીમમાં સ્થાન આપ્યું છે.

BCCI એ જણાવ્યું હતું કે મેડિકલ ટીમ અને ટીમ મેનેજમેન્ટે સિરાજને આરામ કરવાની સલાહ આપી છે.

# U-13 RANKING

બેંગલુરુની સૃષ્ટિ કિરણ સતત પાંચ આઈટીએફ (ITF) જુનિયર ટાઇટલ જીતીને અને આઈટીએફ વર્લ્ડ ટેનિસ ટૂર જુનિયર્સ J100 ગ્વાટેમાલામાં બીજા ક્રમે રહીને અંડર-13 ટેનિસમાં વિશ્વની નંબર 1 ખેલાડી બની ગઈ છે. આ 13 વર્ષીય ખેલાડીએ તેની કારકિર્દીની સર્વશ્રેષ્ઠ ITF જુનિયર રેન્કિંગમાં 357મું સ્થાન મેળવ્યું છે. જે વૈશ્વિક સ્તરે અંડર-13 ખેલાડીઓમાં સૌથી વધુ છે. તેણે માત્ર આઠ રેન્કિંગ સ્પર્ધાઓમાં ભાગ લઈને આ સિદ્ધિ હાંસલ કરી છે.

# IMD-WEATHER

ભારતીય હવામાન વિભાગે આજે દિલ્હી, હરિયાણા, ચંદીગઢ, પંજાબ, હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ રાજસ્થાનમાં ગરમીની આગાહી કરી છે. કોંકણ, ગોવા અને ઓડિશાના કેટલાક સ્થળોએ દિવસ દરમિયાન ગરમ અને ભેજવાળું હવામાન રહેવાની સંભાવના છે.

આ દરમિયાન, અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, દરિયાકાંઠાના કર્ણાટક અને ઉપ-હિમાલય પશ્ચિમ બંગાળ, સિક્કિમમાં ભારે વરસાદની સંભાવના છે. બિહાર, આંતરિક કર્ણાટક, કેરળ, માહે, કોંકણ, ગોવા, તમિલનાડુ પુડુચેરી, કરાઈકલ, તેલંગાણા અને ઉત્તર-પૂર્વ ભારતમાં પણ આગામી 2-3 દિવસ દરમિયાન વરસાદ પડવાની સંભાવના છે.

## અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભુંડિયા

1. આજના અખબારોમાં પ્રધાનમંત્રીના સૌથી લાંબા કાર્યકાળ અને **POK**ની સ્થિતિ અંગેના સમાચાર છે
2. ગુજરાત સમાચાર**,** નવગુજરાત સમય અને ફૂલછાબ લખે છે કે**,** નવો ઇતિહાસ: મોદીની રેકોર્ડ તોડવામાં બોલબાલા: નહરુને પાછળ રાખ્યા.
3. સંદેશ લખે છે કે **POK**માં પાક.નું દમન: ગોળીબારમાં **120** ના મોત.
4. દિવ્ય ભાસ્કર લખે છે કે**,** ઝોજીલા ટનલ**;** શ્રીનગર-લેહ આખું વર્ષ જઈ શકાશે.
5. સ્થાનિક સમાચારોમાં જોઈએ તો અમદાવાદમાં **3** સ્થળેથી ગાયનું **4** હજાર **850** કિલો શંકાસ્પદ ઘી જપ્ત**, ED**નો ઘટસ્ફોટ: સાયબર ફ્રોડ માટે કમ્બોડિયાના કોલ સેન્ટરોમાં **5** હજાર **300** ભારતીય સીમકાર્ડ એક્ટિવ અને સૌરાષ્ટ્ર**,** કચ્છ અને દક્ષિણ ગુજરાતમાં વરસાદની આગાહી જેવા સમાચાર વાંચવા મળી રહ્યા છે .

---------------------------------------------